RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 08 * Date: 31.10.2025,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## સરકાર ઉથલાવવાનું કાવતરું હતું, દિલ્હી રમખાણો મામલે પોલીસનું સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું



દિલ્હી પોલીસે સુપ્રીમ કોર્ટમાં એક મોટું અને વિશિષ્ટ સોગંદનામું રજૂ કરતાં દાવો કર્યો છે કે, ૨૦૨૦ના દિલ્હી રમખાણો 'શાસન પરિવર્તન ઓપરેશન'નો ભાગ હતા. આ સોગંદનામું સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું છે. દિલ્હી પોલીસે આ રમખાણોને ફક્ત કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ગણવાને બદલે વધુ ઊંડાણમાં જઈને તેને રાજકીય હેતુઓ સાથેનું ઓપરેશન ગણાવ્યું છે. આ સોગંદનામું રમખાણો પાછળના કાવતરા અને હેતુઓની તપાસને નવી દિશા પ્રદાન કરે છે.

૨૦૨૦ના દિલ્હી રમખાણોના કાવતરા કેસમાં ઉમર ખાલિદ, શરજીલ ઈમામ, મીરાં હૈદર, ગુલ્ફીશા ફાતિમા અને અન્ય લોકોના જામીનનો વિરોધ કરતાં સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં દિલ્હી પોલીસે હિંસાને એક સંકલિત 'શાસન પરિવર્તન ઓપરેશન'નો ભાગ ગણાવ્યો છે.

સોગંદનામામાં દાવો કરવામાં આવ્યો છે કે, રમખાણો અચાનક થયેલા દેખાવોનો ભાગ ન હતા, પરંતુ ભારતની અંદરની શાંતિ અને આંતરરાષ્ટ્રીય સ્થિતિને અસ્થિર કરવાનો ઈરાદાપૂર્વકનું ષડયંત્ર હતું.

## યુક્રેનના ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર રશિયાનો વધુ એક ભીષણ હુમલો, આખા દેશમાં વીજળી ગુલ, ૨ના મોત



યુક્રેનના ઉર્જા માળખા પર રશિયા સતત મોટા પ્રમાણમાં હુમલા કરી રહ્યું છે. ત્યારે રશિયાના વધુ એક હુમલા બાદ ગુરુવારે (૩૦ ઓક્ટોબર) યુક્રેનના તમામ વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ. યુક્રેનમાં અંધારપટ છવાતા યુક્રેનના વડાપ્રધાને મોસ્કોની આ રણનીતિને 'સુનિયોજિત ઉર્જા આતંક' ગણાવી.અધિકારીઓના અનુસાર, આ હુમલામાં ઓછામાં ઓછા ૨ લોકોના મોત થયા અને ૧૭ લોકો ઘાયલ થયા છે, જેમાં ૨ થી ૧૬ વર્ષના બાળકો પણ સામેલ છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદીમીર ઝેલેન્સ્કીએ કહ્યું કે, રશિયાએ આ હુમલામાં ૬૫૦થી વધુ ડ્રોન અને અનેક પ્રકારની ૫૦થી વધુ મિસાઈલો છોડી હતી.


રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિને બુધવારે દાવો કર્યો હતો કે, રશિયાના સૈનિકોએ યુક્રેનના બે ખાસ શહેરોમાં યુક્રેનના સૈનિકોને ઘેરી લીધા છે અને તેને સરેન્ડર કરવા માટે ડીલ કરવાની ઓફર આપી. જોકે, યુક્રેનના મિલિટ્રી અધિકારીઓએ આ દાવાને ફગાવ્યો છે.બીજી તરફ હાલમાં જ રશિયાએ પાણીની અંદર પરમાણુ સબમરીન ડ્રોનનું પરીક્ષણ કર્યું છે, જેણે સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું છે. રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિને આ અંગે જાહેરાત કરી હતી. પુતિનની જાહેરાતથી અમેરિકા અને યુરોપિયન યુનિયનમાં હડકંપ મચ્યો છે. પરિણામે, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાત્કાલિક પરમાણુ પરીક્ષણનો આદેશ આપ્યો છે.

## માંડવી બંદરનું વહાણ મધદરિયે આગમાં બળીને ખાખ, ૧૬ ખલાસીને બચાવાયા





કચ્છના માંડવી બંદરનું એક વહાણમાં અનાચક આગ લાગતા મધદરિયે સળગ્યું હતું. જાણવા મળ્યું હતું કે, 'ફઝલ રબ્બી' નામના વહાણ ૧૬ ખલાસીઓ હતા. આગની ઘટનાને લઈને ત્વરિત બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને તમામ ખલાસીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.મળતી માહિતી મુજબ, સોમાલિયા બંદરથી દુબઈ તરફ જતાં વહાણમાં આગ લાગતી હતી, આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં આખું વહાણ સળગી ઉઠ્યું હતું. આગ લાગવાના કારણ અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી પ્રાપ્ત થઈ નથી.દુર્ઘટના સમયે વહાણમાં ૧૬ જેટલાં ખલાસીઓ સવાર હતા. જોકે, બનાવને પગલે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરીને તમામને બચાવી દેવાયા હતા. આ દુર્ઘટનામાં કોઈ પ્રકારે જાનહાનિ થઈ ન હતી. જોકે, વહાણ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ જતાં માલિકને મોટાપાયે નુકસાન થયું હતું.



## તંત્રી લેખ

# ૪૨ ટકા લોકો દ્વારા ખરીદી માટે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ

અમદાવાદ : આ દિવાળીએ ૪૨ ટકાથી વધુ ક્રેડિટ કાર્ડ વપરાશકર્તાઓએ આ વર્ષે તહેવારોની ખરીદી પર રૂ. ૫૦,૦૦૦થી વધુ ખર્ચ કર્યો હતો. ૨૨ ટકા સહભાગીઓએ રૂ. ૫૦,૦૦૦ થી રૂા. ૧ લાખ વચ્ચે અને ૨૦ ટકા લોકોએ તેમના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને રૂ. ૧ લાખથી વધુ ખર્ચ કર્યો હતો. આ આંકડા દર્શાવે છે કે તહેવારોની મોસમ દરમિયાન લોકો ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને મોંઘી વસ્તુઓ ખરીદવામાં વધુને વધુ રસ ધરાવતા હતા. ક્રેડિટ કાર્ડ વપરાશકર્તાઓએ કાર્ડ ઑફર્સના આધારે તેમની ખરીદીનું આયોજન કર્યું હતું. ૨,૩૦૦ થી વધુ સહભાગીઓ પર આધારિત આ સર્વેમાં જાણવા મળ્યું છે કે દિવાળી પર સૌથી વધુ ક્રેડિટ કાર્ડ ખર્ચ ઘરેલું ઉપકરણો (૨૫%), મોબાઇલ ફોન, ગેજેટ્સ અને એસેસરીઝ (૨૩%) અને કપડાં (૨૨%) પર થયો હતો. ત્યારબાદ ફર્નિચર અને સજાવટ (૧૮%) નો ક્રમ આવે છે. સોના અને ઘરેણાંનો પણ ક્રેડિટ કાર્ડ ખર્ચમાં ૧૨% હિસ્સો છે.સર્વેમાં એ પણ બહાર આવ્યું છે કે ૯૧% થી વધુ ક્રેડિટ કાર્ડ વપરાશકર્તાઓએ કાર્ડ ઑફર્સના આધારે તેમની ખરીદીનું આયોજન કર્યું હતું, જ્યારે ૧૦% કરતા ઓછા લોકોએ કહ્યું હતું કે તેઓએ કોઈપણ ખાસ ડીલ અથવા ઑફર્સની રાહ જોયા વિના, તેમના કાર્ડના માનક કેશબેક અથવા રિવોર્ડ સ્ટ્રક્ચર પર આધાર રાખ્યો હતો. આ સૂચવે છે કે તહેવારોની ખરીદીના નિર્ણયો પહેલા કરતાં વધુ મૂલ્ય-આધારિત બની રહ્યા છે, ગ્રાહકો ક્રેડિટ કાર્ડ ઑફર્સ અને ચાલુ પ્રમોશનને મહત્તમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.ક્રેડિટ કાર્ડ પ્રોત્સાહનોની વાત આવે છે, ત્યારે ૨૦% ઉત્તરદાતાઓ માટે કેશબેક ટોચની પસંદગી હતી.

# સાબરકાંઠામાં રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે કલેક્ટરશ્રી સહિત અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ એકતા શપથ લીધાં



લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ દિવસ દર વર્ષે ૩૧ ઓક્ટોબરના રોજ ‘‘રાષ્ટ્રીય એકતા દિવસ’’ તરીકે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર કલેકટર કચેરી સભાખંડ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ અવસરે જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, નિવાસી અધિક કલેક્ટરશ્રી ક્રિષ્ના વાઘેલા તથા વહીવટી તંત્રના વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ ઉપસ્થિત રહી રાષ્ટ્રીય એકતા દિવસના શપથ લીધી હતા.શપથ દરમિયાન ઉપસ્થિત સૌએ રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવવા તથા સરદાર વલ્લભભાઈ પટેલના અખંડ ભારતના સપનાને સાકાર કરવા માટે પ્રતિબદ્ધ રહેવાની પ્રતિજ્ઞા વ્યક્ત કરી હતી.



તા.૨૯-૧૦-૨૦૨૫ બુધવારે ગોપાષ્ટમી અને જલારામ જયંતિના શુભ દિને બપોર બાદ ૩-૦૦થી ૬-૦૦ દરમ્યાન નૂતન વર્ષના શુભારંભે ગાયત્રી પરિવારના પરિજનોનેએ ગેટ ટુ ગેધરના શુભ કામનાના કાર્યક્રમ અંતર્ગત ૩ કુંડીય ગાયત્રીમહાયજ્ઞનું આયોજન મિષ્ઠાન પ્રસાદ સાથે દક્ષાબેન ગીરીશભાઈ પટેલ, ૩,ક્રીશ્રા એસ.બી.આઈ ઓફિસર સોસાયટી,ભાવસાર હોસ્ટેલ પાસે,નવાવાડજ ખાતે રાખેલ હતું જેમાં શ્રી પ્રવીણભાઈ પટેલે સંગીત વૃંદ સાથે ગાયત્રી મંત્ર-મહામૃત્યુંજયના મંત્રોચ્ચાર-ભજન-ગીત સંગીત યજ્ઞ કાર્યભાર સંભાળ્યો હતો સૌએ સમૂહમાં વિશ્વ કલ્યાણાર્થે આહુતિઓ સમર્પિત કરી હતી

# ધાનેરાના સામરવાડા ખાતે ભાજપ દ્વારા જીલ્લા પંચાયત સરાલ બેઠકનું સ્નેહમિલન યોજાયુ

નવા વર્ષની સરૂઆત થતાં ઠેર ઠેર સ્નેહમિલન કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. ત્યારે ભાજપ દ્વારા દરેક તાલુકા મથકે જીલ્લા પંચાયતની જેટલી બેઠકો છે તેના સ્નેહમિલન યોજવાનું નક્કી કરવામાં આવતા મંગળવારે જીલ્લા પંચાયતની સરાલ બેઠકનું સ્નેહમિલન સામરવાડા ગૌશાળા ખાતે રાખવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. અને આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપમાંથી આગેવાનો હાજર રહ્યા હતા. ત્યારે ધાનેરા ભાજપના આગેવાન ભગવાનભાઇ પટેલ, પૂર્વ જીલ્લા ઉપપ્રમુખ વસંતભાઇ પુરોહિત, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ જગદિશ પટેલ, તાલુકા ભાજપ મહામંત્રી દિનેશ ચૌધરી, નિતેષ પુરોહિત, ભાજપ આગેવાન જોઇતાભાઇ આકોલીયા, પૂર્વ તાલુકા સદસ્ય ગજાભાઇ પટેલ સહિત મોટી સંખ્યામાં ભાજપના આગેવાનો હાજર રહ્યા હતા. જેમાં વસંતભાઇ પુરોહિતે જણાવેલ કે હાલમાં નરેન્દ્ર મોદી દ્વારા હર ઘર સ્વદેશી- ઘર ઘર સ્વદેશી ની પહેલ ચાલુ કરેલ છે તો તેમાં આપણે તમામે જોડાવાનું છે. આપણે વિદેશી વસ્તુઓનું પ્રમાણ ઘટાડવાનું છે. જો આપણે સ્વદેશી વસ્તુ અપનાવીશું તો આપણુ હુંડીયામણ આપના દેશમાં રહેશે અને દેશની આવકમાં પણ વધારો થસે. જ્યારે ભગવાનભાઇ પટેલે તમામને નવા વર્ષની શુભકામનાઓ પાઠવતા જણાવેલ કે આપણે વિદેશી વસ્તુઓને લાવવાનું બંધ કરીએ અને સ્વદેશી વસ્તુ અપનાવીએ તેમજ વધુમાં તેઓએ જણાવેલ કે આગામી સમયમાં તાલુકા જીલ્લા પંચાયતની ચુંટણીઓ પણ આવવાની છે. તો તમામ કાર્યકર્તાઓએ પણ તે બાબતે હાલથી ભાજપના ઉમેદવાર જીતે તે માટે કામગીરી શરૂ કરવાની છે. માટે આ સ્નેહમિલન પછી તમામ કાર્યકર્યાઓ કામે લાગી જાય અને તાલુકા તેમજ જીલ્લામાં ભાજપને જીતાડીને મોકલીએ. ત્યારે જીલ્લામાંથી પધારેલ મહાનુંભવોએ પણ સ્વદેશી વસ્તુ વાપરવા માટે ખાસ ભલામણ કરી હતી અને છેલ્લે સ્વદેશી વસ્તુ અપનાવવા માટે સંકલ્પ પણ લેવડાવ્યા હતા. તેમજ આ કાર્યક્રમના સહયોગી દાતા એવા ગજાભાઇ પટેલ, જોઇતાભાઇ આકોલીયા, મોહનભાઇ આકોલીયા તથા નારણભાઇ પટેલને પણા સન્માનિત કરવામાં આવ્યા હતા.

# વૈશ્વિક વ્યવસાયને ભારત સુધી લાવવા કાર્યરત પી.એચ.ડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટિવ કમિટીના અધ્યક્ષ પદે દિલીપ સંઘાણી, કાર્યભાર સંભાળ્યો.



દેશની વિકાસ યાત્રામાં સહકાર વિવિધ ક્ષેત્રે અગ્રેસર ભૂમિકા ભજવી દેશના પ્રધાનમંત્રી અને સહકાર મંત્રીના ×સહકાર થી સમૃધ્ધિ× સંકલ્પને ચરિતાર્થ કરવા કમર કસી છે તેવા સમયે અનેક સહકારી સંસ્થાઓને નેતૃત્વ અને માર્ગદર્શન પુરૂ પાડતા ગુજરાતના પૂર્વ કેબીનેટ મંત્રી અને દ્મૈંં, ઈફકો અને ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપ સંઘાણીની પી.એચ.ડી.ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટીવ કમિટીના અધ્યક્ષ તરીકે નિમણૂંક થતા આજરોજ કાર્યભાર સંભાળેલ.

ૅઁૐહ્વઝ્રૈં છેલ્લા ૧૨૦ વર્ષથી ભારતીય ઉદ્યોગ, વેપાર અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે ઉત્પ્રેરક તરીકે કામ કરી રહ્યું છે. ઉદ્યોગ અને સરકાર સાથે પ્રગતિશીલ ભાગીદાર તરીકે, ૅઁૐહ્વઝ્રૈં ભારતીય અર્થતંત્રની પ્રગતિ, સંવાદિતા અને સંકલિત વિકાસને આગળ વધારવા માટે મજબૂત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જોડાણો સાથે પાયાના સ્તરે કામ કરે છે.

ૅઁૐહ્વઝ્રૈં, વિશ્વના આશરે ૧,૫૦,૦૦૦ થી વધુ મોટા, મધ્યમ અને નાના ઉદ્યોગો સુધી પહોંચતા ×ઉદ્યોગ અને વેપારનો અવાજ× તરીકે કાર્ય કરે છે, ભારતીય અર્થતંત્રને આગલા સ્તર પર લઈ જવા માટે અનેક ક્ષેત્રોમાં ઉદ્યોગ જ્ઞાન સાથે તેના વારસાનો ઉપયોગ કરીને આગળ વધવા માટે ૅઁૐહ્વઝ્રૈં પ્રતિબદ્ધ છે.

ઉદ્યોગ અને સરકાર વચ્ચેના સહયોગી ભાગીદાર તરીકે પી.એચ.ડી.ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટીવ દેશના વિવિધ વિસ્તારોમા મૂળસ્તરે કાર્ય કરી ભારતના અર્થતંત્રના સમન્વિત વિકાસ, પ્રગતિ અને સુખાકારી માટે સતત પ્રયત્નશીલ છે.

આજ રોજ દિલીપ સંઘાણી એ પી.એચ.ડી.ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટીવ કમિટીના અધ્યક્ષ તરીકે કાર્યભાર સાંભળતા ૅઁૐહ્વઝ્રૈં ના ડેપ્યુટી સેક્રેટરી જનરલ ડૉ. જતિન્દર સિંહ, સિનિયર સેક્રેટરી શ્રી રૂપેશ પાંડે અને ૅહ્લહ્લઝ્ર ના સિનિયર જનરલ મેનેજર શ્રી તરુણ ભાર્ગવે શુભેચ્છા પાઠવી હતી. શ્રી દુષ્યંત સિંહ પુનિયા અને દ્મૈંં ના ડિરેક્ટર પ્રદીપ કુમાર ઉપસ્થિત રહ્યા હતા.

# મોટી ચોરી કરી લાઈફ સેટ કરવા ગયેલાનું શું થયું?

‘ કુછ તો કરના પડેગા.’ અબ્દુલે ચુપકીદી તોડી. સલીમ, મોહમ્મદ, જાવેદ અને અબ્દુલ અડધા કલાકથી ચિકનની ટાંગ ચૂસતા હતા, તળેલા કાજુ ખાતા હતા અને દેશી પોટલી ખાલી કરતા હતા. ઉપરથી ચિલમનો ધૂમાડો છોડતા હતા.ચિલમમાં તમાકુમાં ગાંજો મેળવેલો હતો.

‘ ભાઇ તું સહી બોલ રહાચ.’ સલીમ ચિકનાએ હાથ મસળ્યા તો બે મચ્છર મરી ગયા.‘ યાર, કિસી કે સામને હાથ પગ ફેલાને કી બજાય કુછ તો કરનાચ પડેગા.‘મોહમ્મદ પવાલામાથી દેશી દારનો મોટો ઘૂંટ મારતા કહ્યું.

‘ વો સબ તો ઠીક હૈ. લેકિન કુછ કા મતલબ કયાં? કયાં કરે ઓર દો પાંદડેવાલે બન જાવેએં?’જાવેદે સૌની ગડમથલ જાહિર કરી.

‘ હમ હાથ પૈર હિલા રહે હૈ. પર કમબખ્ત કિસ્મત હમે ઠેર કે ઠેર છોડ દેતી હૈ,’ અબ્દુલે અફસોસ જાહિર કર્યો. કોઇના દિમાગની બતી કે ટયુબલાઇટ જલતી ન હતી.

‘ યાર, મૈંને શોપિંગ મોલ કે પાંચવે માલે પર પંકચર કી દુકાન ખોલી થી. મે લિફ્ટ કે દરવાજે ખુલતી હૈ કોઇ બંદા સાઇકલ, મોટર સાઇકલ યા કાર કા ટાયર કા પંકચર કરવાને વાસ્તે આયેંગે ઐસાં સોચતા થા. પર કભી ભી બૌની નહી હુઇ. ચાય ભી ખુદ કી પૈસો પીની પડતી થી.’ સલીમ ચિકનાએ સ્વરોજગારની નિષ્ફળ કથા કહી.

‘ અરે હમને કહાં ઝંડા ગાડા હૈ? સુબહ શાન ફટફટીકો ઠીક કરતે હૈ. હાથ કે સાથ દિલ ભી કાલાકલૂટા હો જાતા હૈ. બદન થકાનસે તૂટ જાતા હૈ. ઉપરસે ખુસડ બુઢા યાકુબ માબેન કી ગાલી બકતા હૈ. મન મેં આતા હૈ કી ઉસકો ટપકા દૂં. લેકિન દિલશાદ ખાલા કા માસૂમ ચહેરા આંખો કે સામને

આ જાતા હૈ. બડી પાક ઓરત હૈ. જો ઇસ ખુસડ બુઢે કી બીવી હૈ.’ જાવેદ મન કી બાત કહી.

‘ સાલી જિંદગી ઝંડ બન ગઇ હૈ. મૈંને સોચા કિ હાથ પગ ફૈલાને યા હાથ પૈર હિલાને સે બહેતર હૈ કી હાથ પૈર માર લૂ. માં કસમ મૈંને ચેઇન સ્નેચિંગ ચાલુ કિયા. ઇન્સાલ્લાહ. અલ્લાહ કી મહેરબાની સે દો તીન લાખ કમાયે ભી. બેઇમાની કા પૈસા કબાબ , શરાબ ઔર શબાબમેં ચલા ગયા. ‘ અબ્દુલે પોતાના હાલહવાલ બેહાલ બતાવ્યા.

‘ હમને ડકૈતી-ફિરોતી મેંભી હાથ અજમાયા. લેકિન સાલે કમીને પુલિસવાલેને મેરે ધંધે કી વાંટ લગાલી. સાલે એક લાખ કા ભરણ માંગ રહે થે. મુશ્કિલસે દો તીન મહિનેમે એક બકરા મિલતા થા. વોહ ભી પુલિસ કે ભરણ મેં ચલા જાતા થા નતીજા? ખાયા પિયા કુછ નહી ઔર ગિલાસ તોડે બારહ જૈસી પતલી હાલત હો ગઇ હૈ.’ મોહમ્મદે તેની કહાણી કહી.એમ તો અંડાકરી રે આમલેટની લારી પણ કરી. આવક ઓછી અને સરકારી કુતા મફતમાં આમલેટ ખાઇ જાય પછી ધંધા ચોપટ ન થાય તો બીજું શું થાય?અફઘાનના એજયુકેશન મિનિસ્ટરની હિદાયત મુજબ પઢીને કી વજાય બમફમ બનાયે. લેકિન કિસ્મત કા કનેકશન કપડો કી તરહ ચમકા જ નહી.કોઇ દેશ મેં કુતે પાલનેવાલે કો હકૂમત એક કુતે કે હિસાબ સે ચાર હજાર રૂપિયા દેતે હૈ.મગર કમબખ્ત કુતે દો તીન સાલમે મર જાતે થે. ફિર કયાં? બાબાજીકા ઠુલ્લું નસીબ હોતા થા.

આજે એ લોકો કોઇ રોજામાં ભેગા થયા હતા. બધાના જમણા હાથમાં ખંજવાળ આવતી હતી. મુફલિસને બદલે ખ્વાજાની જેમ જીવવાની ખુજલી આવતી હતી.નાના મોટા ધંધા, ચોરી ચપાટી કરીને તંગ આવી ગયેલ. એક મોટો હાથ મારી દલ્લો મેળવી બાકીની લાઇફ સેટલ કરવાની ખ્વાહિશ હતી. ખ્વાહિશ હોવી પણ જોઇએ. ખ્વાહિશ વિના તો માણસ ખાવિંદ કે ખવિસ જ લાગે!

‘ મિલ ગયા મિલ ગયા..’ સલીમ ચિલ્લાયો. માનો કે અકબર બાદશાહનો ખજાનો મળ્યો ન હોય.

‘કયાં મિલ ગયા?’ ત્રણે જણે પૂછયું.એ બઘવાઇ ગયેલ. કોઇ ચમત્કાર થયો કે સલીમને જાદુઇ છડી મળી કે ઘુમાવો એટલે માંગો તે મળે.

‘ અરે બુધ્ધુઓં હમારી કિસ્મત ચમકાને કા કરિશ્મા મિલ ગયા.’ સલીમે કહ્યું. બગલમેં છોરા ઔર ગાંવમેં ઢિંઢોરા પિટતાન હોય!

‘ અરે અલ્લાહ કી મહેરબાની તો દેખો.’’ સલીમે કહ્યું.

‘ પર હુઆ કયાં?’ બાકીના ત્રણેય જણાના મોં ખુલ્લા રહી ગયા.

‘ અરે પૂછો કે કયાં નહી હુઆ?’ સલીમે રહસ્યને વધુ ઘેરું કર્યું.

‘ પહેલિયા મત બુજાવ. જો કહેવા હૈ સાફ લબ્જોમેં કહો.’ બાકીના ત્રણેયે ઓર્ડર કર્યો.

‘હમ કહાં બેઠે હૈ?’સલીમે પૂછયું.

‘ કોઇ રોજા કે નીચે.’ બાકીના ત્રણેય જણ બોલ્યા.

‘ અબ રોજા કી ઉપર દેખો. કુછ લાઇટ જલી?’ સલીમના અવાજમાં ઉત્સાહ છલકતો હતો.ત્રણેયે રોજાની ટોચે જોયું. ત્રણેયને કાંઇ ખબર ન પડી.

‘સલીમ, હમે મામુ મત બનાવ,’ત્રણેયે સોઇ ઝાટકીને કહ્યું.

‘ અરે મેરે ઘોંચું ચાચુજાન, રોજા કે ઉપર જો બડા ગોલ ગુંબજ હૈ. વોહ ગોલ ગુંબજ સોના કા બના હુઆ હૈ. ઉસ જમાનેમેં સોનેમેં દૂધ મે પાની મિલાને કી તરહ મિલાવટ નહી હોતી થી.’ સલીમે કહ્યું.

‘ તો?’ ત્રણેય જણ બિલકુલ બુધ્ધું હતા કે શું? અક્કલમંદને ઈશારો કાફી હોય. ગધ્ધાને ડફણા કાફી હોય.

‘ અરે અક્કલકે અંધો,હમ યેહ સોને કા ગુંબજ ચૂરા લે તો અખ્ખી જીંદગી હાથપૈર ફેલાને નહીં પડેંગે, હાથ પૈર હિલાને નહી પડેંગે, યા તો હાથપૈર મારને નહીં પડેંગે.’ સલીમે આઇડિયા બતાવ્યો.

‘ માશાલ્લાહ.’ ત્રણેયના મો આફતાબની જેમ ચમકી રહ્યા હતા. માનો કે મુંહમે મધપૂડા આ ગયા.પછી કહેવાનું શું હોય ? એકે દોરડાંનો ઈન્તઝામ કર્યો.ગુંબજ પર ચડવા માટે સીડીની વ્યવસ્થા થઇ.સીસીટીવી નાકામિયાબ કરવા અને સીસીટીવીનુંમધરબોર્ડ ચોરવાનું નક્કી કર્યું. ચોરાઉ માલ ખરીદતા સોનીનો અતોપતો પણ મેળવાયો.

એક દિવસ રાતે બેત્રણ વાગ્યે.સલમાને લાંબું દોરડું હવામાં ઉછાળ્યું ગુંબજ પાસે બેસેલા જાવેદ અને મોહમ્મદે દોરડાંનો ફાંસીના ફંદો જેવો ગાળિયો બનાવ્યો. અબ્દુલે દોરડાંનો ગાળિયો ગુંબજને પહેરાવ્યો. અબ્દુલ સિવાય જાવેદ અને મોહમ્મદ નીચે ઉતરી ગયા. સલીમ, જાવેદ અને મોહમ્મદે જોરથી દોરડું ખેંચ્યું . ગુંબજ ગબડતો ગબડતો સલીમના ચરણે પડ્યો. સલીમે ગુંબજને વર્લ્ડ કપની જેમ ચૂમ્યો. ગુંબજને કોથળામાં ભરીને કોથળાનું દોરડું બાંધ્યું .

બીજે દિવસે સોની પાસે ગુંબજ વેચવા ગયા. સોની એકાદ લાખ ઓછા આપે તો પણ ગુંબજ વેચવાની સૌની તૈયારી હતી.

‘ભંગારનો ભાવ વીસ રૂપિયા છે. ગુંબજનું વજન ચાર સો કિલો છે. એટલે લગભગ આઠ હજાર મળશે.’ એમ સોનીએ કહ્યું. મતલબ કે સલીમ, જાવેદ, અબ્દુલ અને જાવેદના કિસ્મતમાં ચોરીચપાટી , પંકચરની દુકાન, ગેરેજની નોકરી અને ઓમલેટની લારી જ લખાયેલ હતી!

કિસ્મતનું પાંદડું ખસ્યું પણ કેવું ખસ્યું તેનું આ નિકૃષ્ટ ઉદાહરણ હતું.

ભરત વૈષ્ણવ



કાશ્મીર ખીણના ગામડાઓમાં અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતી અખરોટની ખેતી હવે સંખ્યાબંધ પડકારોથી ઘેરાઈને અસ્તિત્વ માટે ઝઝૂમી રહી છે. માળખાકીય સુવિધાનો અભાવ માલના વેચાણ માટે વિવિધ માર્કેટ સાથેના નબળા સંપર્ક અને આયાતી માલ સાથેની સ્પર્ધામાં કાશ્મીરના અખરોટ ઉદ્યોગને ટકી રહેવું મુશ્કેલ બની રહ્યું છે .

સત્તાવાર આંકડા જોઈએ તો ભારતમાં દર વરસે ૩,૨૦,૦૦૦ ટન અખરોટનું ઉત્પાદન થાય છે. એમાંથી ૯૫ ટકા હિસ્સો જમ્મુ અને કાશ્મીરનો હોય છે.

દેશમાં ૧,૦૯,૦૦૦ હેક્ટર વિસ્તારમાં અખરોટની ખેતી થાય છે. જેમાંથી ૮૯,૦૦૦ હેક્ટર વિસ્તાર જમ્મુ અને કાશ્મીરનો હોય છે. અખરોટના ઉત્પાદનમાં આટલું વિશેષ પ્રભુત્વ જમ્મુ અને કાશ્મીરમાં સુકા મેવાનું કોઈ સુનિયોજિત બજાર નથી કે આ મેવાના પ્રોસેસિંગ અને પેકિંગ માટેની કોઈ આધુનિક સુવિધાઓ નથી. કેલિફોર્નિયા ચીન થતા ચીલી જેવા દેશોમાંથી આયાત થતા અખરોટના ભાવ સામે સ્પર્ધામાં ટકી ના શકવાને કારણે ઘણા સ્થાનિક પ્રોસેસિંગ યુનિટ બંધ થઈ ગયા છે.૫ ટકા જી. એસ. ટીને કારણે હાલત વધારે ખરાબ થઈ છે. આ વિસ્તારના ૭ લાખથી વધારે લોકો અખરોટના વેપારથી રોજી રોટી મેળવે છે.

મરણપથારીએ પડેલા અખરોટ ઉદ્યોગને ફરી જીવંત બનાવવા સરકારે આધુનિક અખરોટ. પ્રોસેસિંગ ક્લસ્ટર અને માર્કેટિંગ પ્લેટફોર્મ ઊભા કરવા માટે મુડીરોકાણ કરવાની જરૂર છે.

કાશ્મીરના અખરોટના બગીચાઓમાં મુખ્યત્વે વોન્થ કાગઝી અને બુર્જુલ એમ ૩ વેરાયટીના અખરોટ થાય છે. આપણા અખરોટ ઓર્ગેનિક હોય છે. અને તેમાં વિદેશી અખરોટ કરતા તેલનું પ્રમાણ પણ વધારે હોય છે . પરંતુ પ્રોસેસિંગની સુવિધાઓ અને પેકેજીંગની વ્યવસ્થાના અભાવે આપણે સ્થાનિક તેમજ વૈશ્વિક બજારમાં ટકી શકતા નથી.આ લોકોની રોજી રોટી માટે તાત્કાલિક પગલા ભરવા પડશે.

અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા ,સુરત

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 371**
વિષય: એક નિષ્કપટ હાસ્ય નું મૂલ્ય
શિર્ષક: અમૂલ્ય એનું હાસ્ય
પ્રકાર: મૌલિક રચના
શબ્દો: ૧૧૫

એના નિર્દોષ ચહેરા પર નજર પડી ને જાણે દુનિયા બદલાઈ ગઈ,
સાવ અજાણી આંખોની ભાષા ને એનાથી પણ વિશેષ હોઠો પરનું હાસ્ય.

કાલી ઘેલી ભાષા એની ને ગુલાબ જેવા એના કોમળ ગાલ,
એમા પડતું ખંજન ને એક હાથે પાછી ઠેલતી માથાની લટને પાછું એ હાસ્ય.

સહેજ હસીને હાથ લંબાવ્યા ત્યા થી દોડીને સમાઈ મારા બાહુપાશમાં એ,
આખી દુનિયા મારી ખીલી ઊઠી જ્યારે એના ચહેરા પર નીતર્યું લાગણીસભર હાસ્ય.

ખુલી આંખોએ સપનું જોયેલ આજ મારું સ્વરૂપ સાક્ષાત સામે આવ્યું,
એ નાની પરીમાં ક્યાંક મારું બાળપણ દેખાયું ને હોઠ પર છવાયું મધુરું હાસ્ય.

દુનિયાની ભીડમાં સાવ અલગ જ અનુભૂતિ કરાવી ગયું એ નિષ્કપટ હાસ્ય,
સમાઈ મારા હૃદયના ધબકારામાં ચાંદની ન ચુકવી શકે કદી એવું હતું અમૂલ્ય એનું હાસ્ય.

ડૉ ભાવના એન જોષી ચાંદની વડોદરા

★★★★★★

**NOG SS NO.: 0101**
વિષય: એક નિષ્કપટ હાસ્યનું મૂલ્ય
શીર્ષક': પ્રેમે પરમને ઓળખ્યું
પ્રકાર : સોનેટ શબ્દો : ૯૧

યમુનાતટે વહે સુગંધિત પવન,
મુરલી બોલે પ્રેમની અદભુત વાત.
રાધા હસે — મન થાય અચેતન,
એ હાસ્યમાં લખ્યું સૃષ્ટિનું ચરિત.

ગોપાલ નયન ચમકે આનંદે ભર્યા,
રાધા નજરે લાજની લીલા ઝરે.
એ ક્ષણે કાળ પણ થંભી ગયો,
પ્રેમના મર્મે યુગલ રંગ ધરે.

મુરલીની ધૂન છુએ મનના તાર,
હાસ્ય બને ઉપનિષદ સમ અધ્યાય.
એ નિષ્કપટ હાસ્યનું મૂલ્ય અપાર,
જ્યાં આત્મા આત્મામાં સમાય.

રાધા હસે તો ખીલે જગ સઘળું,
એ હાસ્યે જ પ્રેમે પરમને ઓળખ્યું.

ભરત સાંગાણી
અમદાવાદ

★★★★★★★

**NOGSS no. 181**
વિષય: નિષ્કપટ હાસ્ય નું મૂલ્ય
પ્રકાર: પદ્ય શબ્દ: ૮૬
★શીર્ષક:હાસ્ય મનોરંજન

ખિલખિલાટ હસે તો ,એના ગાલ પડે ખંજન
સાંભળીને એવો રણકાર મારા દુઃખોનું થાય છે ભંજન,

મંદ મંદ મુસ્કાન એની, જાણે કે દેવોનું પૂજન
સુનકાર પડેલા ખંડેરમાં ગુંજે, એના હાસ્યનું ગુંજન.

હસતી રમતી આંખને કરે કાળું કાળું અંજન
જોઈ એવું નિખાલસ સ્મિત મન કર્યા કરે મનોમંથન..

શું છે એવું એના નિર્દોષ હાસ્યમાં,કોઈ રહસ્યમય કથન,
નિર્મળ એવી સરિતા જાણે, કવિતામાં શબ્દોનું સ્પંદન..
"નિ?ષ્કપટ હાસ્યનું મૂલ્ય" અતિ,હવે સમજાયું છે યતન
ચાલાકી,કપટ? ત્યજીને કરવું જોઈશે હાસ્યનું જતન..

સુરમી બધેકા.કૌસુમી.
મુંબઈ

★★★★★★★

**NOG SS No-106**
વિષય-નિષ્કપટ હાસ્યનું મૂલ્ય
શીર્ષક-"આનંદનો રાજ"
પ્રકાર-પદ્ય. શબ્દો-૫૮

તારી ચોરી પકડાઈ!
તારાં મુખડેમેં માણ્યું બ્રહ્માંડ !
એ, ખિલીખિલીખિલી,
બાળકના, બોબડા એ બોખલાની
અંદર છૂપાણો,માના આનંદનો રાજ!
ગમતું કે ના ગમતું!
સદાય જગને હસાવતું!
કિલકારીઓથી સૌને હસાવતું!
મનને મગમગાવતું!
મધમાતું, માખણનું, નિર્ભેળ જગને ઝીલાવતું! મીઠુંમીઠું હાસ્ય!
જગને ઝીલમિલાવતું!
એ હસતું હસાવતું.

મુક્તિદા કુમાર"મનચલી"

★★★★★★★

**NOG SS NO. 215.**
વિષય : '' એક નિષ્કપટ હાસ્યનું મૂલ્ય "
શીર્ષક : "તારા હાસ્યનાં સહારે"
પ્રકાર :- પદ્ય (અછાંદસ)
શબ્દો:- ૭૯.

તારા હાસ્યનાં સહારે, હું જીવન જીવી જવાનો,
તારા હાસ્યનું મૂલ્ય તો હું ચૂકવીશ થઈ દીવાનો.

એક નિષ્કપટ હાસ્ય તારું મૂલ્યવાન જ બહું છે,
તારા હાસ્યનાં પ્રતાપે, મારી રગોમાં વહે લહું છે,

તારું સ્મિત છે અમૃત પ્યાલો હકથી હું પીવાનો,
તારા હાસ્યનાં સહારે, હું જીવન જીવી જવાનો,

તારા ચહેરાની મુસ્કુરાહટ, હજારો દર્દની દવા છે,
તારી મલકાટથી મળતી, શ્વાસોશ્વાસની હવા છે,

તારા હૃદયે વસવાનો 'શ્યામ' તું આપ પરવાનો,
તારા હાસ્યનાં સહારે, હું જીવન જીવી જવાનો,

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★

**NOG SS NO.343**
વિષય: નિષ્કપટ હાસ્ય
શીર્ષક:- સ્નેહનો સથવારો
પ્રકાર:- પધ શબ્દો:- ૬૫

જીવનપંથમાં મોહ માયા લોભ લાલચને છોડશો તો ચમકશે સુંદર ચહેરો ,
સુખ દુઃખ ઉતાર ચઢાવ સમય સંજોગો પરિસ્થિતિમાં માનવ બદલે મુખ મ્હોરો,

મારું તારું કરતાં સૌ પ્રથમ આપશે સાથ આખરે થઈ જઈશ એકલવાયો,
સ્નેહનાં સિંચન કરી મમત્વ સાથે મળશે લાખેણી લાગણીનો લ્હાવો,

સ્વાર્થહીન પ્રેમ નિખાલસતાથી હાસ્ય આનંદથી નિખરી જગમાં બનીશ સૌનો પ્યારો,
નિષ્કપટ હાસ્ય જેવાં 'ચંદ્ર' સૂર્યનાં સાથ સંગત સહિયારાથી ઉજ્જવળ છે સ્નેહનો સથવારો.

ચંદ્રકાન્ત હરીલાલ માઢક ' ચંદ્ર '
(નિવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★

**NOG SS NO : 402**
વિષય : નિષ્કપટ હાસ્યનું મૂલ્ય
શીર્ષક : નિષ્કપટ હાસ્ય
પ્રકાર : પદ્ય શબ્દો : ૭૦

છે ક્યાં કોઈ ચહેરે નિષ્કપટ હાસ્ય.
હાસ્યની પાછળ છે ઘનઘોર રહસ્ય.

દેખાતું જે બહાર નથી હોતું ભીતર.
કરણી ને કથનીમાં ખૂબ ઝાઝું અંતર.

ચડાવીને ફરતા મહોરા ચહેરે નકલી.
નથી કોઈ વદને મધુર હાસ્ય અસલી.

દંભ ને પ્રપંચ સૌ બેઠા દબાવી દિલમાં.
છુપાયો જાણે ઝેરી કાળોતરો બિલમાં.

હોય મુસ્કુરાહટ પાછળ પીડાનો પર્વત.
જીવે છે સઘળા જીવનને પણ જડવત.

નિર્દોષ નિખાલસ નિસ્વાર્થ ના વાટ પર.
નિષ્કપટ હાસ્ય મળે ના કોઈ હાટ પર.

શૈલેષ ભોઈ "વૈરાગી"
(કોઠંબા)

# એક અપ્રસિધ્ધ અને અપ્રગટ ઇન્ટરવ્યુ !

' હેલ્લો,બખડજંતર ચેનલનો રિપોર્ટર ગિરધરલાલ ગરબડીયા બોલું છું.' અમે અમારો પરિચય આપ્યો. ફોનના સામેના છેડે ગાયકવાડ કરીને મંત્રીના પીએ હતા. અમને એમ કે મંત્રી ઈન્ટરવ્યુ ન આપવા વ્યસ્ત હોવાના બહાના કાઢશે. પીએ ગાયકવાડે ઈન્ટરવ્યુ માટે લીલી ઝંડી આપી દીધી.પરંતું, બે શરતો રાખી. તેમના મોઢેથી શરતો સાંભળીએ .

' રિપોર્ટર સાહેબ, મંત્રી સાહેબ ઈન્ટરવ્યુ જરૂરથી આપશે. પરંતુ, બે શરતો રહેશે .શરત નંબર એક ઈન્ટરવ્યુ માટે પચાસ પેટી એ પણ બ્લેકમાં આપવાની રહેશે. શરત નંબર બે ઈન્ટરવ્યુ માટે તમારે ચટાપટાવાળી ચડી અને ગંજીફરાક પહેરીને જ આવવું પડશે.' ગાયકવાડે આકરી શરતો મુકી. અમે બાબુલાલને ફોન કરી ઈન્ટરવ્યુખંડણીની રોકડ રકમ જમા કરાવી .પીએ પૂરતો પ્રામાણિક પુરૂષ.તેણે રેવન્યુ સ્ટેમ્પ લગાવીને પાકી પહોંચ આપી.બેઈમાનીના ધંધામાં જ ઈમાનદારી બચી છે, સાહેબ!કોઈની દુકાન ખોલાવીને ચટાપટાવાળી ચડી અને ગંજીફરાકનો ઈન્તઝામ કરાવ્યો. આજદિન સુધી લગ્ન કે પાર્ટી માટે કોઇ થીમ હોય. ડ્રેસ કોડ હોય. તમારે તેનું પાલન કરવું પડે. પત્રકારની જીંદગીમાં પહેલીવાર ડ્રેસ કોડ પાળવો પડ્યો . હું અને રાજુ રદી ચટાપટાવાળી ચડી અને ગંજીફરાકમાં સજીધજીને ઈન્ટરવ્યુ લેવા મંત્રીના બંગલે પહોંચ્યા. મા કસમ આ કપડાંમાં આર્થર જેલના પાકા એટલે કે રીઢા કેદી હોય તેવા શોભતા હતા.મંત્રી સાહેબ સિગારેટના શોખીન હોવાથી સિગારેટના પેકેટ ભરેલ કાર્ટન લઈને ગયેલા.મંત્રીપત્રીમાં લખેલ છે કે મંત્રી પાસે ખાલી હાથે ન જવું.

' પ્રણામ, મંત્રીભાઉં.'આટલું કહી અમે મંત્રીના પગમાં લોટપોટ થઇ આળોટવા વાગ્યા. અમે મંત્રીના હોઠ પર સિગારેટ મુકીને લાઇટરથી સિગારેટ જલાવી. મંત્રીએ સિગારેટનો ઉંડો કંસ લઈને ધૂમાડા રૂમમાં ઉડાડ્યા. તમાકુની ગંધથી રૂમ ભરાઇ ગયો.

' કયાં કવોટાના પત્રકાર છો?' મંત્રી સાહેબે અભિવાદન સ્વીકારી અમારા બરડે ધબ્બો મારા પૂછયું

' સાહેબ, અહીં કવોટાના ધારાસભ્ય કે મંત્રી હોય છે. અમારે ત્યાં શાસન તરફી અને અપવાદરૂપ શાસન વિરોધી પત્રકાર હોય છે.' અમે ખુલાસો કર્યો.

'હાપ ઠીક છે.' મંત્રી બેફિકરાઈથી બોલ્યા. મંત્રીનો સેવક ચાના કપ અને બિસ્કિટ મુકી ગયો. મંત્રીએ ડ્રાય ફ્રૂટનું મંચિંગ કરી બોટલ મોઢે માંડી અમને ચા પીવાનો ઇશારો કર્યો.

' સર, પેલો વિડીયો વાયરલ થયો છે, એ સાચો આઈમીન ઓરિજિનલ છે?' અમે સવાલ પૂછયો. રાજુ રદીએ મંત્રીના કલોઝઅપ ફોટા લેવાનું શરૂ કર્યું.

' એકદમ અસલી છે. પહેલી ધારના દારૂ જેવો રિયલ છે. સિગારેટની તમાકુ જેવો કડક અને દમદાર છે.' મંત્રી મહોદય બોલ્યા. સામાન્ય રીતે નેતા લોગ ગલ્લાતલ્લા કરે. વિડીયો નકલી છે, ફેકચર્ડ છે, છેડછાડવાળો છે, બદનામ કરવાનું કાવતરું છે આવી ઘસાઇ ગયેલ, ચવાઇ ગયેલ કેસેટ વગાડે. આ તો પહેલા ધડાકે કબૂલ કરે છે કે મારો વિડીયો છે અને અસલી વિડીયો છે.

' સાહેબ, એ વિડિયોમાં આપ ચડી અને ગંજી પહેરીને બેઠા છો. તમે બેડમાં બેસીને સિગારેટ પી રહ્યા છો. તમારા બેડની નીચે એક કાળા થેલામાં રૂપિયાની નોટો જોવા મળેલ છે.આ અંગે શું કહેવું છે?' અમે મંત્રીને પૂછયું.

' જુઓ ભાઇ રિપોર્ટર, શું નામ કહ્યું?' મંત્રીએ ઝીણી આંખે કરીને પૂછયું.

'ભાઉસાહેબ, મારું નામ ગિરધરલાલ ગરબડિયા છે.' મેં જવાબ આપ્યો.

' એમાં જ ગરબડ લાગે છે.' મંત્રીએ અમને ચાબખો માર્યો.

' સર એવું નથી.' અમે મોળો પ્રત્યુત્તર આપ્યો.

' રિપોર્ટર સાહેબ, કોઇ સંત્રીને ઘરે શું મળે?' મંત્રીએ પૂછયું.

' સર, એને ત્યાં સિસોટી, લાકડી, યુનિફોર્મ અને સૂકી બ્રેડ મળે. બેકારી અને બેબસી મળે.' અમે જવાબ આપ્યો.

' બરાબર..હવે એ કહો કે તંત્રીના ઘરેથી શું મળે?' મંત્રીએ સિગારેટનો ગલ એશ ટ્રેમા ખંખેરતા કહ્યું.

' તંત્રીને ઘરે જુદા જુદા પેપર, મેગેઝિન, એડવર્ટાઇઝમેન્ટના રેઈટ મળે, સ્પેશિયલ પૂર્તિનું મેટર મળે, મેનેજ કરીને મેળવેલ ટ્રોફી, શીલ્ડ પગાર સ્લિપ મળે.' અમે વગર ગાઈડે સાચો જવાબ આપ્યો.

'એબ્સોલ્યુલી કરેકટ. ફેન્ટાસ્ટિક નોલેજ.' મંત્રીએ અમારી પીઠ થાબડી.

' થેંકસ સર.' અમે શિષ્ટાચાર કર્યો.

' રિપોર્ટર સાહેબ, હું શું છું?' મંત્રીએ સ્મૃતિભ્રંશ થયો હોય તેમ આખરી સવાલ કર્યો.

' ઓફ કોર્સ, આપ મંત્રી મહોદય છો. તમે રાજયના ભાગ્ય વિધાતા છો. તમે જનતાના તારણહાર છો.' અમે મંત્રીની ખુશામત કરવાનું શરૂં કર્યું.

' તમે સમજદાર છો. હું તમારા પ્રમોશન માટે તમારા માલિક બાબુલાલ બબુચકને ભલામણ કરીશ. દેશને તમારા જેવા અવગુણાનુરાગી મિડીયાની જરૂરત છે. ' મંત્રી ખુશ થયા. મંત્રીએ મને સિગારેટ ઓફર કરી.

' નો સર, થેંક યુ ફોર કાઈન્ડ ઓફર . હું મારી આદત બગાડવા ચાહતો નથી.પત્રકારના પગારમાં સિગારેટ ન પરવડે. અમે સ્વર્ગની સીડી સમાન બીડીના અનન્ય ચાહક છીએ.' અમે પત્રકારની દુર્દશા જણાવી.એમ કહી મેં બીડી સળગાવી.

'ઓકે એઝ યુ વિશ.' મંત્રીએ કહ્યું.

' સર, તમારા બેગમાં રૂપિયાના બંડલો ભર્યા છે એવા વિડીયો વિશે શું કહેશો?' અમે સવાલ દોહરાવ્યો.

' જુવો હું પ્રવાસેથી આવેલો. ખુદના ઘરમાં કોઇ થ્રી પીસ સુટ અને બુટ પહેરીને બેડ પર થોડો બેસે ? એટલે હળવા મુડમાં ચટાપટાવાળી ચડી અને ગંજી પહેરીને બેડ પર બેઠો હતો. હું પરધાન છું. એટલે પબ્લિકના પૈસા એટલે સરકારી ગ્રાંટની સિગારેટ પીવું છું.મંત્રીના ઘરે રૂપિયા ન હોય તો ગાંગલી ઘાંચણના ઘરે રૂપિયા હોય? મારી બેગમાં મેં કરેલ ભ્રષ્ટાચારના રૂપિયા જ છે. સતા મળી છે તો મંજીરા વગાડવા થોડી મળી છે? વિપક્ષ કે મિડીયા તો હાથી પાછળ કૂતરા ભસે તેમ ભલે ભસ્યા કરે. હવે મારો ટલ્લી થવાનો ટાઇમ થયો છે. હવે નો મોર કવેશ્ચન્સ. નો મોર આન્સર. ઈન્ટરવ્યુ ઈઝઝઝ્ ઓવવવવરઅ્.' એમ કહેતા મંત્રીનો અવાજ લથડયો અને મંત્રી ઘોરવા પડયા.

ગાયકવાડે અમને બહાર બોલાવ્યા. અમને કરોડ રૂપિયા આપીને ઈન્ટરવ્યુ ન છાપવા વિનંતી કરી. આટલા રૂપિયામાં તો સાત પૂંછડિયા ઉંદર જેવા પત્રકારની માફક સતરસો ચોપાનિયા અને પાંચ બ્લેકમેઈલ ન્યુઝ ચેનલ કે વેબ પોર્ટલ શરૂ કરીને આરામથી મબલક રૂપિયા કમાઇ શકાય. કરોડ રૂપિયાની નોટ જેના મોઢામાં ઠુંસી હોય તે પત્રકાર યુધિષ્ઠિરના કૂતરાંની જેમ ભસી શકે? આઈ મિન વિવાદાસ્પદ ઈન્ટરવ્યુ છાપીને આફત થોડો નોતરે? અમે અથ થી ઈતિ વાત કહી એ ઈન્ટરવ્યુ બાબુલાલને આપ્યો. બાબુલાલ પણ મંત્રી નામની બોરડી ઝૂડીને ઓછામાં ઓછા ત્રણચાર કરોડ રૂપિયા કમાયા હશે.

ભરત વૈષ્ણવ

ગુજરાત સરકાર | Ministry of Home Affairs Government of India | STATUE OF UNITY एक भारत, श्रेष्ठ भारत

राष्ट्रीय एकता दिवस
31 अक्टूबर 2025

**150મી** જન્મ જયંતિ નિમિત્તે
લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને શત્ શત્ નમન

# રાષ્ટ્રીય એકતા દિવસ ૨૦૨૫



## માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સરદાર પટેલને પુષ્પાંજલિ તેમજ રાષ્ટ્રજોગ સંબોધન

### વિવિધ કાર્યક્રમો:

- એકતા પરેડ
- બ્રાસ બેન્ડની પ્રસ્તુતિ
- હોર્સ, ડોગ અને કેમલ દળનું નિદર્શન
- મહિલાઓ દ્વારા માર્શલ આર્ટનું નિદર્શન
- સીમા સુરક્ષાદળ દ્વારા ડોગ શો
- ડેર ડેવિલ રાઈડર્સ શો
- સ્કૂલ બેન્ડની પ્રસ્તુતિ
- ભારતીય વાયુ સેના દ્વારા એર શો
- સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પર આધારિત નાટક 'લોહ-પુરુષ' ની પ્રસ્તુતિ
- એકતા પ્રકાશ પર્વનો ઉત્સવ
- ભારત પર્વના અવસર પર 1 થી 15 નવેમ્બર સુધી રાજ્યોની પ્રદર્શની

**" સરદાર પટેલે આપણને 'એક ભારત' આપ્યું,
જેને 'શ્રેષ્ઠ ભારત' બનાવવાની જવાબદારી આપણી છે "
– વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી**

**તારીખ: 31 ઑક્ટોબર 2025 શુક્રવાર | સમય: સવારે 07:00 વાગ્યાથી
સ્થળ: પરેડ ગ્રાઉન્ડ, સ્ટેચ્યૂ ઑફ યુનિટી, એકતાનગર, ગુજરાત.**

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS





Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.